મકરપુરાની કેર હોસ્પિટલમાં પરિવારનો હોબાળો

કેર હોસ્પિટલમાં ઓપરેશન બાદ ચાલતા દર્દીનું અચાનક મોત

(પ્રતિનિધિ) વડોદરા,તા.10 મકરપુરા વિસ્તારમાં આવેલી કેર મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં સારવાર દરમિયાન દર્દીના શંકાસ્પદ મોતને પગલે પરિવારજનોએ હોસ્પિટલ તંત્ર સામે તબીબી બેદરકારીના ગંભીર આક્ષેપો કર્યા છે. પરિવારના જણાવ્યા મુજબ ઓપરેશન બાદ દર્દીની સ્થિતિ સારી હતી અને તેઓ ચાલતા પણ હતા, પરંતુ રાત્રિના સમયે અચાનક તબિયત લથડ્યા બાદ તેમનું મોત થયું હતું. હોસ્પિટલ દ્વારા સમયસર યોગ્ય માહિતી આપવામાં ન આવી હોવાનો પણ પરિવારનો આક્ષેપ કરાયો છે. દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ઘોડાઝર ગામના વ્યક્તિને સારવાર માટે મકરપુરાની કેર મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરિવારજન નરવતભાઈના જણાવ્યા મુજબ, ડોક્ટરની સલાહથી દર્દીનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન સફળ રહ્યા બાદ દર્દીની સ્થિતિ સારી હતી અને તેઓ જાતે ચાલતા પણ હતા. જોકે, રાત્રિના સમયે અચાનક તેમની તબિયત લથડી હતી અને ત્યારબાદ તેમનું મોત નીપજ્યું હતું. ઓપરેશન બાદ દર્દીની યોગ્ય કાળજી અને સતત દેખરેખ રાખવામાં આવી નહોતી. તબિયત લથડ્યા બાદ પણ હોસ્પિટલ તંત્ર દ્વારા પરિવારને સમયસર અને યોગ્ય માહિતી આપવામાં આવી ન હતી. જેના કારણે પરિવારજનોમાં ભારે રોષ ફેલાયો હતો. ઉપરાત હોસ્પિટલ દ્વારા રૂ.2 લાખથી વધુનું બિલ ભરવા માટે કહેવામાં આવ્યું હતું અને બિલની રકમ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી મૃતદેહ સોંપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પોલીસ કેસ કરવાની ધમકી આપવામાં આવી હોવાનો પણ પરિવારનો દાવો છે. સૌપ્રથમ મૃતદેહ તેમને સોંપવામાં આવે અને સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી તબીબી બેદરકારી થઈ છે કે કેમ તે અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી પરિવારજનોની માંગ છે. કેર હોસ્પિટલના ડો. ચંદ્રશેખર ચતુર્વેદીએ જણાવ્યું હતું કે દર્દી કેન્સરગ્રસ્ત હતા અને મેજર સર્જરી બાદ બ્લીડિંગ થતાં ઈમરજન્સીમાં સારવાર અપાઈ હતી. બાદમાં સર્જિકલ શોકમાંથી બહાર ન આવી શકતાં તેમનું મોત થયું હતું. પરિજનોના આક્ષેપોને તેમણે ખોટા ગણાવી સારવાર પ્રોટોકોલ મુજબ કરાઈ હતી.

યાત્રી સુવિધા - વાણિજ્યિક પ્રવૃત્તિઓને વધુ અસરકારક બનાવાશે

રાજેશ મથુરિયાએ મંડળ વાણિજ્ય પ્રબંધક તરીકે ચાર્જ સંભાળ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.10 પશ્ચિમ રેલવેના મહત્વના ગણાતા વડોદરા મંડળમાં વહીવટી ફેરફાર થયો છે. રાજેશ મથુરિયાએ વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક તરીકે પોતાના પદનો કાર્યભાર સંભાળી લીધો છે. તેમણે વડોદરા મંડળમાં હાજર થઈને ચાર્જ સંભાળ્યો હતો. રાજેશ મથુરિયાએ રેલવેમાં પોતાની કારકિર્દીની શરૂઆત સહાયક વાણિજ્ય પ્રબંધક (એસીએમ) તરીકે ઈન્દોરથી કરી હતી. ત્યારબાદ તેમણે એસીએમ (પીએમ) મુંબઈ સેન્ટ્રલ અને એસીએમ (એફએમ) ચર્ચગેટ જેવા મહત્વના સ્ટેશનો પર વિવિધ જવાબદારીઓ અત્યંત કુશળતાપૂર્વક નિભાવી હતી. ત્યારબાદ તેમને બઢતી આપી મંડળ વાણિજ્ય પ્રબંધક તરીકે રતલામ મંડળમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની કામગીરીની સરાહના થઈ હતી. હવે તેમને બઢતી સાથે વડોદરા જેવા અતિ વ્યસ્ત અને મહત્વના મંડળની જવાબદારી સોંપવામાં આવી છે. પોતાના કાર્યકાળ દરમિયાન શ્રી મથુરિયાએ યાત્રી સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા, વાણિજ્યિક પ્રવૃત્તિઓને વેગ આપવા અને રેલવેના રાજસ્વમાં વધારો કરવા સંબંધિત કામગીરીમાં બહોળો અનુભવ મેળવ્યો છે. વડોદરા મંડળમાં પોતાની નવી ભૂમિકામાં તેઓ મંડળની તમામ વાણિજ્યિક ગતિવિધિઓને વધુ પારદર્શક, અસરકારક અને યાત્રી-કેન્દ્રિત બનાવવા પર વિશેષ ભાર મૂકશે, જેથી મુસાફરોને વધુ સારી સુવિધાઓ મળી રહે.

સયાજીપુરા ફ્રુટ માર્કેટમાં દરોડો પાડી દારૂ ભરેલી ટ્રક પકડી : બે ઝડપાયા

પશુદાણની આડમાં છૂપાવી લઈ જવાતો રૂ.૧૫.૧૧ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.10 મધ્યપ્રદેશના બદનાવર ખાતેથી આઈસર ટ્રકમાં પશુદાણની આડમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી ગુજરાતમાં હેરાફેરી કરવામાં આવી રહી હોવાની બાતમીના આધારે કપુરાઈ પોલીસે સયાજીપુરા ફ્રુટ માર્કેટમાં દરોડો પાડી બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે ટ્રકમાંથી દારૂ અને બીયરના 5,371 બોટલ-ટીન મળી રૂ.15.11 લાખનો દારૂ કબજે કર્યો હતો. દારૂના જથ્થા સાથે ટ્રક, મોબાઈલ ફોન અને પશુદાણની બેગો મળી રૂ.30.81 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. કપુરાઈ પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.સી. રાઓલની સૂચનાથી સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, સયાજીપુરા ફ્રુટ માર્કેટના પ્લોટ નં.299 પાસે આઈસર ટ્રક ઊભો છે અને તેમાં પશુદાણની આડમાં દારૂનો જથ્થો ભરેલો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં ટ્રકમાંથી 5,371 બોટલ-ટીન દારૂ મળી આવ્યો હતો. પોલીસે પ્રકાશ મિશ્રીલાલ સિંગાડ (ઉ.વ.36) અને પ્રભુ ગંગારામ વાનીયા (ઉ.વ.30), બંને મધ્યપ્રદેશના ધાર જિલ્લાના રહેવાસીઓની ધરપકડ કરી હતી. પોલીસે રૂ.15.11 લાખનો દારૂ, રૂ.15 લાખનો આઈસર ટ્રક, રૂ.10 હજારના બે મોબાઈલ તથા રૂ.60 હજારની આશરે 60 પશુદાણની પ્લાસ્ટિક બેગો મળી રૂ.30.81 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે કપુરાઈ પોલીસે દારૂનો જથ્થો મંગાવનાર અજાણ્યા શખ્સ સહિત ભવાનીસિંહ નામના એક શખ્સની પોલીસે શોધખોળ શરૂ કરી છે.

વડોદરાની સયાજી હોસ્પિટલની ગૌરવપૂર્ણ સિદ્ધિ

SSGના 'એન્ટી રેબિસ ક્લિનિક'ને રાષ્ટ્રીય સ્તરે સન્માન મળ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ શહેરની સયાજી હોસ્પિટલે સ્વાસ્થ્ય ક્ષેત્રે વધુ એક સિદ્ધિ ઉમેરી છે. હોસ્પિટલ ખાતે ૨૪ કલાક કાર્યરત 'મોડલ એન્ટી રેબિસ ક્લિનિક' ની ઉત્કૃષ્ટ કામગીરીની નોંધ હવે રાષ્ટ્રીય સ્તરે લેવાઈ છે, જે સમગ્ર વડોદરાવાસીઓ માટે ગર્વની બાબત છે. શ્વાન, બિલાડી કે ઉંદર જેવા પ્રાણીઓ કરડવાના કિસ્સામાં સમયસરની સારવાર ખૂબ જ અનિવાર્ય બની જાય છે. સયાજી હોસ્પિટલનું આ ક્લિનિક નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. દર્દીઓને રાત્રે કે દિવસે ગમે ત્યારે તાત્કાલિક અને અવિરત સારવાર મળે છે. રેબિસ વિરોધી રસી અને ઈમ્યુનોગ્લોબ્યુલિન જેવી મોંઘી દવાઓ તથા ઈન્જેક્શનો કોઈપણ જાતના ચાર્જ વગર ઉપલબ્ધ કરાવાય છે. નોંધણીથી લઈને ઈન્જેક્શન આપવાની પ્રક્રિયા સુધીની તમામ સેવાઓ ખૂબ જ સુચારુ રીતે ચાલે છે. તાજેતરમાં નવી દિલ્હીથી ખાસ આવેલી સ્ટેટ પબ્લિક હેલ્થ ઓબ્ઝર્વર ટીમ દ્વારા સયાજી હોસ્પિટલના આ ક્લિનિકની સરપ્રાઈઝ મુલાકાત લેવામાં આવી હતી. આ ટીમ દ્વારા ક્લિનિકની નોંધણી પદ્ધતિ, દવાઓનો જથ્થો, ઈન્જેક્શન આપવાની પ્રક્રિયા તેમજ પરિસરમાં જળવાતી સ્વચ્છતાનું ઝીણવટભર્યુ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તમામ પાસાઓનું સઘન મૂલ્યાંકન કર્યા બાદ કેન્દ્રીય ટીમે ક્લિનિકની કામગીરીને 'ઉત્કૃષ્ટ' જાહેર કરી હતી અને તમામ મેડિકલ પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન થતું હોવા બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો. સયાજી હોસ્પિટલના એન્ટી રેબિસ ક્લિનિકને રાષ્ટ્રીય સ્તરે મળેલી આ સરાહના દર્દીઓને શ્રેષ્ઠ અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવાની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

એકલવ્ય, સરદાર પટેલ અને જયદીપસિંહજી સિનિયર/જુનિયર

એવોર્ડ માટે અરજીઓ આમંત્રિત

વડોદરાઃ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકની સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ માટેના પ્રતિષ્ઠિત એકલવ્ય, સરદાર પટેલ તથા જયદીપસિંહજી સિનિયર/જુનિયર એવોર્ડ માટે લાયક ખેલાડીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. આ એવોર્ડ માટે ઉક્ત ત્રણ વર્ષ દરમિયાન આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય તેમજ રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ રમતગમત સિદ્ધિ મેળવનાર લાયક ખેલાડીઓએ તા.૧૧/૦૬/૨૦૨૬થી તા. ૧૫/૧૦/૨૦૨૬ દરમિયાન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની અધિકૃત વેબસાઈટ sportsauthority.gujarat.gov.in પર જઈ ફરજિયાત ઓનલાઈન અરજી કરવાની રહેશે.

માતા કહીને વિશ્વાસ જીત્યા બાદ પોત પ્રકાશ્યું

મમ્મીના ઓપરેશનના બહાને દંપતી પાસેથી રૂા. ૨૩.૨૧ લાખ પડાવ્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ સ્ટારમેકર સિંગિંગ એપ પર થયેલી ઓળખાણને વિશ્વાસમાં ફેરવી એક શખ્સે વૃદ્ધ દંપતી સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કર્યાની ફરિયાદ ગોત્રી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આરોપીએ મહિલાને માતા કહીને ભાવનાત્મક સંબંધ કેળવ્યો હતો. ત્યારબાદ પોતાની માતાના ઓપરેશન માટે પૈસાની જરૂર હોવાનું કહી મદદ માંગી હતી. વિશ્વાસમાં આવેલી મહિલાએ પોતાના સોનાના દાગીના ગીરવે મૂકી રકમ આપી હતી. આ ઉપરાંત અલગ-અલગ ખાતામાં UPI મારફતે પણ નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા. ગોત્રી વિસ્તારમાં રહેતા મિત્સુબેન સોનાએ નોંધાવેલી ફરિયાદ મુજબ વર્ષ 2022માં સ્ટારમેકર એપ મારફતે હિતેશ બાગોરા સાથે ઓળખાણ થઈ હતી. મોબાઈલ નંબરની આપ-લે બાદ હિતેશે મિત્સુબેનને માતા કહીને વાતચીત શરૂ કરી હતી. બાદમાં પોતાની માતા વંદનાબહેનના ઓપરેશન માટે પૈસાની જરૂર હોવાનું જણાવી મદદ માંગી હતી. મિત્સુબેને પોતાની 34.90 ગ્રામની સોનાની બંગડી મુથુટ ફાયનાન્સમાં ગીરવે મૂકી રૂ.1.14 લાખ આપ્યા હતા. ત્યારબાદ ચેઈન, હાર, બુટ્ટી અને વાળી સહિત આશરે રૂ.4.30 લાખનું સોનું પણ ફાઈનાન્સ કંપનીમાં ગીરવે મુકાવી આરોપીએ રકમ મેળવી લીધી હતી. ઉપરાંત રૂપિયા પરત આપવાની ખાતરી સાથે રૂ.5.42 લાખનો સ્ટેમ્પ પેપર પર કરાર પણ કરવામાં આવ્યો હતો. આરોપીએ અલગ-અલગ મોબાઈલ નંબર પરથી ફોન કરી તથા જુદી-જુદી વ્યક્તિઓના બેંક ખાતામાં UPI મારફતે રકમ ટ્રાન્સફર કરાવી હતી. આમ માતાની બીમારી અને ઓપરેશનનું બહાનું કાઢી વૃદ્ધ દંપતી પાસેથી રૂ.23.21 લાખથી વધુ પડાવી લીધા હતા.

વડોદરામાં ૧૨ સપ્ટેમ્બરે યોજાશે ભવ્ય 'AWS કમ્યુનિટી ડે ૨૦૨૬'

વડોદરા :- ટેક્નોલોજી ક્ષેત્રે સતત આગળ વધી રહેલા વડોદરા શહેરમાં આગામી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ 'AWS યુઝર ગ્રૂપ વડોદરા' દ્વારા 'AWS કમ્યુનિટી ડે ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શહેરના સનસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે યોજાનારી આ ઈવેન્ટ આ ગ્રૂપ દ્વારા સતત પાંચમા વર્ષે યોજાઈ રહી છે. ક્લાઉડ કમ્પ્યુટિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને DevOps ક્ષેત્ર સાથે જોડાયેલા ક્લાઉડ બિલ્ડર્સ, ડેવલપર્સ, વિદ્યાર્થીઓ અને આઈ.ટી. વ્યાવસાયિકો માટે આ એક મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થશે. વર્ષોવર્ષ વિકસતી જતી આ ઈવેન્ટમાં આ વખતે ૭૦૦થી વધુ પ્રતિનિધિઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. ખાસ આકર્ષણ તરીકે યુનાઈટેડ સ્ટેટ્સ થી AWSના ડિસ્ટિંગ્વિશ્ડ ડેવલપર એડ્વોકેટ ડાર્કો મેસારોશ વડોદરા આવી રહ્યા છે.

લાંચની રૂ.500ની રકમ પણ રિકવર કરવામાં આવી

રેશનકાર્ડ વિભાજનના કામ માટે રૂ.500ની લાંચ લેતો શખસ ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ દાહોદ મામલતદાર કચેરી બહાર રેશનકાર્ડ વિભાજનના કામ માટે રૂ.500ની લાંચ લેતા એક શખસને એસીબીએ છટકું ગોઠવી ઝડપી પાડ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદી જાગૃત નાગરિકે રેશનકાર્ડ વિભાજન માટે દાહોદ મામલતદાર કચેરીમાં અરજી કરી હતી. આ કામ કરી આપવા માટે આરોપી સંજયભાઈ બચુભાઈ ડામોર (ઉં.વ.30, રહે. કોટડા મહુડા ફળિયું, તા.જી. દાહોદ)એ અગાઉ ફરિયાદી પાસેથી રૂ.2500 લીધા હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ ફરિયાદીનું કામ કરી આપ્યા વિના આરોપીએ ફરી રૂ.500ની લાંચની માંગણી કરી હતી. લાંચ આપવાની ઈચ્છા ન હોવાથી ફરિયાદીએ એસીબીના ટોલ ફ્રી નંબર 1064 પર જાણ કરી હતી. ફરિયાદના આધારે એસીબીએ ગુરુવારે દાહોદ મામલતદાર કચેરીના બહારના ભાગે જાહેર રોડ પર લાંચના છટકાનું આયોજન કર્યું હતું. છટકા દરમિયાન આરોપીએ ફરિયાદી પાસેથી રૂ.500ની લાંચની માંગણી કરી સ્વીકારતાં એસીબીની ટીમે તેને ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી લાંચની રૂ.500ની રકમ પણ રિકવર કરવામાં આવી છે. સમગ્ર કાર્યવાહી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. પઠાણ તથા એસીબી પોલીસ સ્ટેશન દાહોદના સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

સુંદર યાદોને ફરી જીવંત કરવાનો પ્રયાસ

શહેરમાં 'શૈશવ' ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ બાળપણની નિર્દોષતા, મસ્તી, સ્મિત, સપનાઓ અને સુંદર યાદોને કેમેરામાં કંડારીને 'શૈશવ' નામનું ફોટોગ્રાફી પ્રદર્શન યોજવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં બાળકોના જીવન સાથે જોડાયેલી વિવિધ લાગણીઓ અને રોજિંદા જીવનની સુંદર ક્ષણોને તસવીરોના માધ્યમથી રજૂ કરવામાં આવી છે. દરેક તસવીર બાળપણની એક અલગ વાર્તા અને લાગણી વ્યક્ત કરે છે. આ પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ દર્શકોને બાળપણની નિર્દોષ દુનિયા સાથે જોડવાનો અને તેમના પોતાના શૈશવની સુંદર યાદોને ફરી જીવંત કરવાનો છે. ફોટોગ્રાફર શૈલેન્દ્ર ગોસાઈ જણાવે છે કે, "મારા માટે ફોટોગ્રાફી માત્ર તસવીર લેવાનું માધ્યમ નથી, પરંતુ પસાર થઈ ગયેલી સુંદર ક્ષણોને હંમેશા માટે યાદોમાં સાચવી રાખવાનો પ્રયાસ છે." આ ફોટોગ્રાફ ગુજરાત મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, અને ઉત્તર પ્રદેશના શહેરોના છે આ પ્રદર્શન આકૃતિ આર્ટ ગેલેરી, કીર્તિ મંદિર, વડોદરા 11 સપ્ટેમ્બર થી 13 સપ્ટેમ્બર સુધી પ્રદર્શન કરવામાં આવેલું છે આપ સૌ પ્રદર્શન જોવા પધારશો.

સંરક્ષણ ભરતી પૂર્વેની નિઃશુલ્ક નિવાસી તાલીમ માટે ફિઝિકલ સ્ક્રુટિની

વડોદરા : મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, વડોદરા દ્વારા ૧૯ સપ્ટેમ્બરે માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે શારીરિક યોગ્યતા ચકાસણી યોજાશે મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, તરસાલી, વડોદરા દ્વારા વડોદરા શહેર અને જિલ્લાના સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઇચ્છુક યુવાનો માટે લશ્કરી (અગ્નિવીર) ભરતી પૂર્વેની ૩૦ દિવસની નિઃશુલ્ક નિવાસી તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં પ્રવેશ માટે ઉમેદવારોની શારીરિક યોગ્યતા ચકાસણી (ફિઝિકલ સ્ક્રુટિની) તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના શનિવારે સવારે ૭:૦૦ કલાકે માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, દરબાર ક્રોસિંગ પાસે, માંજલપુર, વડોદરા ખાતે યોજાશે. આ તાલીમ માટે વડોદરા જિલ્લા અને શહેરના કુલ ૯૦ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે, જેમાં ૩૦ બેઠકો અનુસૂચિત જાતિ (SC)ના ઉમેદવારો માટે રહેશે. પસંદગી પામેલા ઉમેદવારો માટે તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬થી ૩૦ દિવસની નિવાસી તાલીમ શરૂ કરવામાં આવશે. તાલીમનો મુખ્ય હેતુ સંરક્ષણ દળોની ભરતી માટે ઉમેદવારોને શારીરિક તથા લેખિત પરીક્ષાની પૂર્વ તૈયારી કરાવવાનો છે.

એક જ પરિવારના બે યુવાનો ગંભીર રીતે દાઝ્યા

બોડેલીથી મહારાષ્ટ્ર જતી કારમાં અચાનક ભીષણ આગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ બોડેલી પંથકમાંથી કામ અર્થે મહારાષ્ટ્ર તરફ જઈ રહેલી એક કારમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં કારમાં સવાર એક જ પરિવારના બે યુવાનો ગંભીર રીતે દાઝી ગયા છે, જ્યારે ત્રીજા યુવાને સમયસૂચકતા દાખવી બહાર નીકળી જતા તેનો ચમત્કારિક બચાવ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બોડેલીના રહેવાસી ગોસાઈ પરિવારના ત્રણ યુવાનો કોઈ અંગત કામ અર્થે પોતાની કાર લઈને મહારાષ્ટ્ર તરફ જવા માટે નીકળ્યા હતા. તેઓ બોડેલી વિસ્તાર પસાર કરી નાની લીમટવાળા ગામ નજીક પહોંચ્યા ત્યારે અચાનક જ કારના બોનેટમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં કાર આગની લપેટમાં આવી ગઈ હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ ગઈ કે અંદર બેઠેલા યુવાનોને સંભળવાનો કે સમજવાનો પણ મોકો મળ્યો ન હતો. આ ભીષણ આગની ઝપેટમાં કારમાં સવાર નરેશ ગોસાઈ અને યોગેશ ગોસાઈ આવી ગયા હતા. તેઓ કારની બહાર નીકળે તે પહેલા જ ગંભીર રીતે દાઝી ગયા હતા. જોકે, સદનશીબે કારમાં સવાર અન્ય એક યુવાને સમયસૂચકતા વાપરી તુરંત જ બહાર કૂદી જવામાં સફળતા મેળવી હતી, જેથી તેનો આબાદ બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. સ્થાનિક લોકોની મદદથી ગંભીર રીતે દાઝી ગયેલા બંને યુવાનોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, તેમની તબિયત વધુ ગંભીર જણાતા તબીબોની સલાહ મુજબ બંને યુવાનોને વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. આ બનાવને પગલે ગોસાઈ પરિવાર અને બોડેલી પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે વિદ્યાર્થીઓને તાલીમ સહાય

વડોદરા : અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની વિવિધ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે તાલીમ સહાય મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષા પૂર્વ તૈયારી તાલીમ સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ માટે વડોદરા જિલ્લામાં ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. યોજનાનો અમલ નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, વડોદરા દ્વારા કરવામાં આવી રહ્યો છે.યોજના અંતર્ગત તાલીમ સહાય મેળવવા ઇચ્છતા પાત્ર વિદ્યાર્થીઓએ esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર જરૂરી આનુષાંગિક પ્રમાણપત્રો સાથે ઓનલાઈન અરજી કરવાની રહેશે. પોર્ટલ પર અરજી કર્યા બાદ સંબંધિત જિલ્લા કક્ષાની મંજૂરી પ્રાપ્ત થયા પછી તાલીમ સહાય મેળવવા માટે પોર્ટલ પર નિયત પ્રક્રિયા મુજબ પુનઃ અરજી કરવાની રહેશે.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઈટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જીલ્લો) મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨

નડિયાદ શાખાઃ શોપ નં. ૦૪, ૧લો માળ, પ્રાઇમ સ્કવેર, ખસરા નં. આર.એસ. નં. ૧૧૫૪/એ, કેનાલ અને ડીડીઆઈટી યુનિવર્સિટી નજીક, કોલેજ રોડ, નડિયાદ, જી.- ખેડા, ગુજરાત - ૩૮૭૦૦૧

Aadhar Housing Finance Ltd

પરિશિષ્ટ IV કબ્જા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે, નીચે સહી કરનાર સિક્યુરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલ સત્તાની રૂએ, અહીં નીચે દર્શાવેલ બોરોઅર(સ)/ગેરંટર(સ)ને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ભરપાઈ કરવા માટે ડિમાન્ડ નોટિસ(ઓ) પાઠવવામાં આવી હતી. બોરોઅર રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી બોરોઅર(સ)/ગેરંટર(સ) અને સામાન્ય જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર દ્વારા સદર કાયદાની કલમ ૧૩ની ઉપ-કલમ (૪) સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો લઈ લેવામાં આવ્યો છે. બોરોઅરનું ધ્યાન સુરક્ષિત સંપત્તિઓને મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની ઉપ-કલમ (૮)ના પ્રાવધાનો તરફ દોરવામાં આવે છે. બોરોઅરને ખાસ કરીને અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈ લેવડ-દેવડ ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેની કોઈ પણ લેવડ-દેવડ વ્યાજ સહીત અહીં નીચે દર્શાવેલ રકમ માટે AHFLના બોજાને આધીન રહેશે.

અ. નં.	બોરોઅર(સ)/કો-બોરોઅર(સ) ના નામ (શાખાનું નામ)	સુરક્ષિત સંપત્તિનું વર્ણન (સ્થાવર મિલકત)	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	કબ્જા તારીખ
1	(લોન કોડ નં. ૦૩૯૦૦૦૦૬૧૬ / નડિયાદ શાખા) નરેશકુમાર ચૌહાણ (બોરોઅર) મહેશભાઈ ચૌહાણ અને મણિબેન વિનોદ ચૌહાણ (કો-બોરોઅર્સ)	જલારામ નગર ૩ દેવ રેસીડેન્સી ડી પ્લોટ નં ૧૫૨ ૧૫૩ પૈકી ૧લો ભાગ યુનિટ નં ૨૨ જલારામ નગર ૩ દેવ રેસીડેન્સી ડી બીએચ નટયમ સ્કૂલ, બમરોલી રોડ, પંચમહાલ, ગુજરાત - ૩૮૯૦૦૧ વાળી મિલકતનો તમામ ટુકડો અને ભાગ.ચતુર્સીમા : પૂર્વઃ પ્લોટ નં. ૧૫૩ પૈકીમાંથી કોમન રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. ૧૫૨ની બાકી રહેલી જમીન, ઉત્તરઃ કોમન પ્લોટ, દક્ષિણઃ પ્લોટ નં. ૧૫૩-૧૫૨ પૈકી	13-05-2026 ₹ 1,83,087/-	09-09-2026

સ્થળઃ ગુજરાત
તારીખઃ ૧૧.૦૯.૨૦૨૬

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

નવીનગરીના ૫૧ વર્ષીય પુરુષને ડાબા હાથે ઈજા

ઉમરવા ગામે ઘરે કરંટ લાગતા મહેશભાઈ વસાવા ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ઉમરવા ગામેથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં ઘરકામ દરમિયાન વીજ કરંટ લાગવાથી ૫૧ વર્ષીય મહેશભાઈ ડાહ્યાભાઈ વસાવા ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાને પગલે પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી, પરંતુ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સની મદદ મળતા તેમનો જીવ બચી ગયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઉમરવા ગામના નવીનગરી વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષીય મહેશભાઈ ડાહ્યાભાઈ વસાવા રહે. ૨૯૩, નવીનગરી પોતાના ઘરે હાજર હતા તે દરમિયાન અચાનક વીજ પ્રવાહના સંપર્કમાં આવી જતા તેમને કરંટ લાગ્યો હતો. આ અકસ્માતમાં તેમને ડાબા હાથે ઈ